*AAI-001-001437*

# AAI-001-001437

Seat No. _______

## B. A. (Sem. IV) (CBCS) Examination

March / April - 2016

## Gujarati : Paper - IX

*(Core - Optional)*

*(Old Course) (અહેવાલ લેખન)*

**Faculty Code : 001**

**Subject Code : 001437**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. પ્રશ્ન એકમાં MCQ પ્રકારના વીસ પ્રશ્નો છે.

(2) એક MCQનો એક ગુણ, કુલ વીસ ગુણ છે.

(3) MCQ પ્રકારના પ્રશ્નોના ઉત્તર પણ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

1 નીચે આપેલ વીસ બહુવિકલ્પ પ્રશ્નોના સાચાં વિકલ્પ જણાવો. **20**

(1) 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' આજે કયા નામે ઓળખાય છે ?

(A) ગુજરાત (B) વિદ્યાસભા

(C) ગુજરાત વિદ્યાસભા (D) ગુજરાત વિધાનસભા

(2) અહેવાલ લેખનમાં શું જાળવવું જોઈએ ?

(A) શબ્દક્રમ (B) ઘટનાક્રમ

(C) અક્ષરક્રમ (D) એકેય નહી

(3) 'ધનતેરશે ધન ધોઈને, સજ્યા સોળ શણગાર' - આ પંકતિમાં કયો અલંકાર છે ?

(A) અર્થાનુપ્રાસ (B) શબ્દાનુપ્રાસ

(C) વર્ણાનુપ્રાસ (D) એકેય નહીં

(4) 'નર્મદ સાહિત્યસભા' દ્વારા ઉત્તમ સાહિત્ય સર્જન કરનારને કયા ચંદ્રકથી નવાજવામાં આવે છે ?

(A) સુવર્ણચંદ્રક (B) ગાંધી સુવર્ણચંદ્રક

(C) નર્મદ સુવર્ણચંદ્રક (D) મેઘાણી સુવર્ણચંદ્રક

(5) 'વિના વાજિંત્રી વાજાં વાજે, વિના કંઠ હોય ગાન' - આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) વર્ણાનુપ્રાસ (B) શબ્દાનુપ્રાસ

(C) અર્થાનુપ્રાસ (D) એકેય નહીં

(6) અનુપ્રાસ, યમક, વક્રોક્તિ વગેરેનો અલંકારના કયા પ્રકારમાં સમાવેશ થાય છે ?

(A) શબ્દાલંકાર (B) અર્થાલંકાર

(C) વર્ણાલંકાર (D) એકેય નહીં

(7) જેવું, પેઠે, સમાન વગેરે કેવા શબ્દો છે ?

(A) ઉપમેયવાચક (B) ઉપમાવાચક

(C) ઉત્પ્રેક્ષાવાચક (D) સહસંબંધવાચક

(8) અર્થાલંકારમાં ........ની ચમત્કૃતિથી સૌંદર્ય નિપજે છે.

(A) અક્ષર (B) શબ્દ

(C) અર્થ (D) વર્ણ

(9) ''ઇસ્ત્રી કરેલાં વસ્ત્ર જેવા આ સુંવાળા શહેરના રસ્તા ગમે.'' - આ પંકિતમાં કયો અલંકાર છે ?

(A) ઉપમા (B) ઉત્પ્રેક્ષા

(C) રૂપક (D) શ્લેષ

(10) કામિની કોકિલા કેલિકૂજન કરે,

''સાગરે ભાસતી ભવ્ય ભરતી''. - આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) વર્ણાનુપ્રાસ (B) શબ્દાનુપ્રાસ

(C) અર્થાનુપ્રાસ (D) એકેય નહીં

(11) એક વસ્તુની બીજી વસ્તુ તરીકે સંભાવના - કલ્પના કરી હોય ત્યારે કયો અલંકાર બને ?

(A) શ્લેષ (B) ઉપમા

(C) રૂપક (D) ઉત્પ્રેક્ષા

(12) ઉપમેય અને ઉપમાન વચ્ચે રહેલા સમાન ગુણધર્મને શું કહે છે ?

(A) સાધારણધર્મ (B) અસાધારણધર્મ

(C) અધર્મ (D) ત્રણેયમાંથી એક પણ નહીં

(13) 'હતી સુરત સ્વર્ણની, સુરત તેની સ્હેવાય ના' આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) ઉપમા (B) રૂપક

(C) શ્લેષ (D) ઉત્પ્રેક્ષા

(14) એક પંક્તિમાં એક શબ્દના એક કરતાં વધુ અર્થ અભિપ્રેત હોય ત્યારે કયો અલંકાર બને છે ?

(A) ઉપમા (B) રૂપક

(C) શ્લેષ (D) ઉત્પ્રેક્ષા

(15) અલંકારના મુખ્ય પ્રકાર કેટલા ?

(A) બે (B) ચાર

(C) છ (D) પાંચ

(16) એક પદાર્થને બીજાના જેવો છે એમ ન કહેતાં, તેની અને બીજા પદાર્થની એકતા જ બતાવી હોય, ત્યારે કયો અલંકાર થાય ?

(A) રૂપક (B) ઉપમા

(C) ઉત્પ્રેક્ષા (D) અનન્વય

(17) એકના એક વર્ણના પુનઃ આવર્તનથી પંક્તિમાં વર્ણમાધુર્ય અને કાવ્યમયતા સાધે તે અલંકાર કયો છે ?

(A) વર્ણાનુપ્રાસ (B) શબ્દાનુપ્રાસ

(C) અર્થાનુપ્રાસ (D) એકેય નહી

(18) ઉપમેયને ઉપમાન કરતાં ચઢિયાતું દર્શાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને છે ?

(A) ઉપમા (B) વ્યતિરેક

(C) ઉત્પ્રેક્ષા (D) રૂપક

(19) જે વસ્તુ સાથે તુલના કરવામાં આવે તેને શું કહેવાય ?

(A) વિશેષ્ય (B) ઉપમેય

(C) ઉપમિત (D) ઉપમાન

(20) ''ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ !''
- આ કડીમાં કયો અલંકાર રહેલો છે ?

(A) ઉપમા (B) રૂપક

(C) ઉત્પ્રેક્ષા (D) વ્યાજસ્તુતિ

2 ભૂકંપગ્રસ્ત વિસ્તારની તારાજીનું વર્ણન કરતો અહેવાલ આશરે સો શબ્દોમાં લખો. **10**

**અથવા**

2 અછતગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારના લોકોની બેહાલ સ્થિતિનો ચિતાર આપતો અહેવાલ લખો. **10**

3 'ફાર્બસ ત્રૈમાસિક' સાહિત્યિક સામયિકનો પરિચય આપો. **10**

**અથવા**

3 'તાદર્થ્ય' સાહિત્યિક સામયિકનો પરિચય આપો. **10**

4 (અ) ટૂંકનોંધ લખો : (બેમાંથી એક) **8**

(1) ગુજરાત વિદ્યાસભા

(2) નર્મદ સાહિત્યસભા

(બ) ટૂંકનોંધ લખો : (બેમાંથી એક) **8**

(1) પ્રેમાનંદ સાહિત્યસભા

(2) ગૂજરાત વિદ્યાપીઠ

5 નીચેનામાંથી કોઈ પણ બે અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો : **14**

(1) ઉપમા

(2) ઉત્પ્રેક્ષા

(3) શ્લેષ

(4) વ્યતિરેક

---